Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :13• Date : 17-08-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

### ૧૦ વર્ષનો હિસાબ, મેં વાપસ આઉંગાનું વચન : પીએમ મોદી

# મોદીએ લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો, ૧૦મી વખત સંબોધન કર્યું

### આજે દુનિયા મોંઘવારીના સંકટથી ઝઝૂમી રહી છે, મોંઘવારીએ સમગ્ર વૈશ્વિક અર્થવ્યવસ્થાને પોતાની ઝકડમાં લીધી છે : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી



નવી દિલ્હી : સ્વતંત્રતા દિવસના રંગમાં હાલમાં સમગ્ર દેશ રંગાઈ ચુક્યો છે. આ ખાસ અવસર પર પીએમ મોદી દિલ્હીના લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો છે. વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ આ ૧૦મી વખત લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો છે. પીએમ મોદીના સંબોધન પર સૌ કોઈની નજર છે. લાલ કિલ્લા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તિરંગો ફરકાવ્યો છે. પીએમ મોદીને ૨૧ તોપની સલામી આપવામાં આવી છે. આપને જણાવી દઈએ કે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી પીએમ મોદીએ ૧૦મી વખત તિરંગો ફરકાવ્યો છે. ૭૭મા સ્વતંત્રતા દિવસ પર પીએમ મોદીએ લાલ કિલ્લા પર ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું. પીએમ મોદીએ કહ્યું કે, દુનિયા હાલમાં પણ કોરોનાથી બહાર આવી નથી. યુદ્ધ એક તરફ સંકટને જન્મ આપ્યો છે. આજે દુનિયા મોંઘવારીના સંકટથી ઝઝૂમી રહી છે. મોંઘવારીએ સમગ્ર વૈશ્વિક અર્થવ્યવસ્થાને પોતાની ઝકડમાં લીધી છે. તે દુર્ભાગ્યપૂર્ણ છે, જ્યારે આપણી જરુરિયાતનો સામાન આયાત કરીએ છીએ, તો અમે મુદ્રાસ્ફીતિ પણ આયાત કરીએ છીએ, પણ ભારતે મોંઘવારી કાબૂમાં કરવા માટે તમામ પ્રયાસ કર્યા છે. પીએમ મોદીએ પોતાના ભાષણની શરુઆત કરતા કહ્યું કે- પૂજ્ય બાપૂ અને ભગત સિંહ જેવા શૂરવીરોના બલિદાનથી દેશ આઝાદ થયો. હું જે લોકોએ બલિદાન આપ્યા છે, તેમને પ્રણામ કરુ છું. અમે ૨૬ જાન્યુઆરી મનાવીએ તે ગણતંત્ર દિવસની ૭૫મી વર્ષગાંઠ હશે. આ વખતે પ્રાકૃતિક આપદાએ દેશના અનેક ભાગમાં કષ્ટ સહન કર્યા છે. હું આ તમામ પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરુ છું. રાજ્ય અને કેન્દ્ર સરકાર મળીને આ તમામ સંકટમાંથી બહાર આવી ઝડપથી આગળ વધશે. પીએમ મોદીએ લાલ કિલ્લાની પ્રાચીરથી કહ્યું કે, ડેમોગ્રાફી, ડેમોક્રેસી અને ડાયવેર્સિટીની આ ત્રિવેણી ભારતને આગળ વધારવામાં મદદ કરી રહી છે. આજે ૩૦ વર્ષથી ઓછી ઉંમરની જનસંખ્યા દુનિયામાં ક્યાંય છે, તો મારા દેશ ભારતમાં છે. જે દેશ માટે આટલી કોટી કોટી ભુજાઓ હોય, તો આપણે ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરી શકીએ છીએ. પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૧૯માં આધાર પર આપને મને ફરી એક વાર આશીર્વાદ આપ્યા. આગામી પાંચ વર્ષ અભૂતપૂર્વ વિકાસ ના છે. ૨૦૪૭ના સપનાને સાકાર કરવા સૌથી મોટી સ્વર્ણિમ ક્ષણ આગામી પાંચ વર્ષ છે. આગામી ૧૫ ઓગસ્ટે આ લાલ કિલ્લામાં દેશની ઉપલબ્ધિઓ અને વિકાસ આપની સામે રજૂ કરીશ. પ્રધાનમંત્રી મોદીએ ફરી એક વા કહ્યું કે, ભારતને દુનિયાની ટોપ ૩ અર્થવ્યવસ્થામાં સ્થાન અપાવશે. તેમણે કહ્યું કે, આ મોદીની ગેરેન્ટી છે, કે ભારત આગામી ૫ વર્ષમાં દુનિયાની ટોપ ૩ અર્થવ્યવસ્થામાં પોતાની જગ્યા બનાવશે. પીએમ મોદીએ કહ્યું કે, હું એ તમામ બહાદુર દિલોને પોતાના શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, જેમણે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં પોતાનું યોગદાન આપ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, આ કાળખંડના નિર્ણયે હજારો વર્ષના સ્વર્ણિમ ઈતિહાસ લખશે. પીએમ મોદીએ કહ્યું કે, આપણે અત્યારે જે પણ નિર્ણય કરીશું તો ૧૦૦૦ વર્ષ સુધી આપણું ભાગ્ય લખવાનું છે. હું દેશના દીકરા-દીકરીઓને કહેવા માગું છું કે, જે સૌભાગ્ય આજે મળ્યું છે, ભાગ્યે જ કોઈના નસીબમાં હશે.

# કોંગ્રેસ ૨૦મી ઓગસ્ટથી રાજ્યમાં પદયાત્રા યોજશે

અમદાવાદ

ગુજરાત કોંગ્રેસમાં હવે નવા પ્રાણ ફૂંકવા માટે હાઈકમાન્ડે રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલને પ્રદેશ પ્રમુખનો તાજ પહેરાવ્યો છે. ત્યારે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસની બેઠક મળી હતી. જેમાં આગામી લોકસભાની ચૂંટણી માટેની તૈયારીઓ અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી.

આગામી સમયમાં કોંગ્રેસના સંગઠનમાં પણ ફેરફાર થવાની શક્યતાઓ બેઠકમાં વ્યક્ત કરવામાં આવી હતી. તે ઉપરાંત નવા સંગઠનને લઈને પણ તૈયારીઓ તેજ કરી દેવાઈ છે. રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાના બીજા તબક્કાની પણ આ બેઠકમાં ચર્ચાઓ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સહિતના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં આગામી સમયમાં સંગઠનને મજબૂત કરવા માટે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યાં છે.

જે કાર્યકરો નિષ્ક્રિય ભૂમિકા ભજવી રહ્યાં છે તેમને પક્ષ બહારનો રસ્તો દેખાડી દેવામાં આવશે તેવુ કોંગ્રેસના સુત્રો જણાવી રહ્યાં છે. તે ઉપરાંત નવું સંગઠન રચાય તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે. હવે આગામી સમયમાં પક્ષના જે હોદ્દેદારો છે તેમની જવાબદારીનું મૂલ્યાંકન પણ કરવામાં આવશે. તેમને મળેલી જવાબદારી અને જવાબદેહી પણ નક્કી કરવામાં આવશે.

જેથી હવે આગામી સમયમાં કોંગ્રેસના સંગઠનમાં મોટા ફેરફાર થાય તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

તાજેતરમાં જ એવી ચર્ચાઓ સામે આવી હતી કે, વાયનાડના સાંસદ અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનો બીજો ભાગ ગુજરાતથી શરૂ કરવામાં આવશે. આ બાબતેની ચર્ચાઓ પણ બેઠકમાં થઈ હોવાનું જાણવા મળ્યું છે. આગામી સમયમાં કોંગ્રેસ મતદારોને રિઝવવા માટે જનસંપર્કની શરૂઆત કરશે. આગામી ૨૦ ઓગસ્ટે રાજીવ ગાંધીની જન્મજયંતિથી કોંગ્રેસ પદયાત્રા શરૂ કરશે. આ પદયાત્રામાં કોંગ્રેસ પ્રમુખ સહિતના નેતાઓ જોડાશે અને મતદારો સાથે સંપર્ક કરશે. જિલ્લા દીઠ અને લોકસભાની બેઠક પ્રમાણે જનસંપર્ક કરવામાં આવશે.

# અજિત એટલા મોટા નેતા નથી કે શરદ પવારને ઓફર કરે : રાઉત

મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં સતત ઉથલપાથલ ચાલી રહી છે. અજિત પવારે તેમના કાકા શરદ પવારને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન આપવાની ઓફર કરી હોવાનું કહેવાય છે. આ અહેવાલો પર ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે હવે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે અજીત એટલા મોટા નેતા નથી કે તેઓ શરદ પવારને ઓફર કરી શકે.

સંજય રાઉતે કહ્યું કે અજિત પવારને શરદ પવારે બનાવ્યા હતા. એવું નથી કે ભત્રીજાએ કાકાને બનાવ્યા. તેમણે કહ્યું કે પવાર સાહેબે સંસદીય રાજકારણમાં ૬૦ વર્ષથી વધુ સમય પસાર કર્યો છે. આ ઉપરાંત તેઓ ચાર વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. તેમનું જે કદ છે તે ખુબ મોટું છે. રાઉતે વધુમાં કહ્યું કે અજિત પવાર એટલા મોટા નથી બન્યા કે શરદ પવારને કોઈ ઓફર કરી શકે.

સંજય રાઉતે સોમવારે નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરીનું નામ બદલીને પ્રધાનમંત્રી મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી સોસાયટી કરવા પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે તેમની પાસે બીજું શું બાકી છે? તમે ઈમારતનું નામ બદલી શકો છો, પરંતુ ઈતિહાસમાં ઉલ્લેખિત પંડિત નેહરુનું નામ બદલી શકતા નથી.

## તંત્રીની કલમે.................

# મેડીકલ શિક્ષણ કિફાયતી હોવાથી મોટી સંખ્યામાં ગુજરાતી વિદ્યાર્થીઓનું વિદેશ ગમન

*રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધ સમયે યુક્રેનથી ગુજરાતી વિદ્યાર્થીઓને 'મિશન ગંગા' દ્વારા પરત લવાયા ત્યારે સામાન્ય માણસને અચંબો થયો હતો કે, ત્યાં આટલાં બધાં ગુજરાતી - ભારતીય વિદ્યાર્થીઓ હતા? ૨૦૧૭ થી ૨૦૨૨ દરમ્યાન ૩૦ લાખ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ માટે વિદેશ ગયા. ગુજરાતના વિદ્યાર્થીઓ ભણવા અને કરિયર બનાવવા માટે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ન્યુઝીલેન્ડ જાય એ ગઈકાલની વાત છે. આજની વાત એ છે કે ભારતીય માબાપ પોતાની બચત વાપરીને અને લોન લઈને સંતાનોને વિદેશ ભણવા મોકલે છે. વર્ષ૨૦૦૦માં સુરતમાંથી મહારાષ્ટ્રની ઈજનેરી કોલેજોમાં ભણવા જતાં વિદ્યાર્થીઓ માટે સુરતી માબાપ વર્ષે ૧૦૦ કરોડથી વધુ ખર્ચ કરતા હતાં. બે દાયકા બાદ ગુજરાતમાં એટલી બધી ઈજનેરી કોલેજો છે કે એમાંની ઘણી ખરી અડધી પણ ભરાતી નથી, કેટલીક બંધ થઈ રહી છે. તેથી હવે વધુ મેડીકલ કોલેજોની જરૂર છે. ગુજરાતમાંથી ઘણાં વિદ્યાર્થીઓ ડોક્ટર બનવા માટે વિદેશ (રશિયા, ચીન અને યુક્રેન) જાય છે. તે વાતમાં ચર્ચા અને ચિંતા એ પણ છે કે, ભારતમાં ડોક્ટર બનવાનો અભ્યાસક્રમ પ્રમાણમાં જુનો છે, તેમાં સુધારો ધીમો થાય છે. આપણી સરકારી મેડીકલ કોલેજ ઓછા ખર્ચે પણ વધુ માર્ક્સ મેળવનારને ભણાવે છે, તેમનાથી ઓછા માકર્સ મેળવનારને ખાનગી કોલેજો વધુ ખર્ચે ભણાવે છે. તે છતાં ઘણાં વિદ્યાર્થીઓ એવાં બાકી રહી જાય છે કે, જેમને ડોક્ટર બનવું છે પણ માકર્સ જોઈએ તેટલા આવતા નથી અને તેમના પરિવારોને ખાનગી કોલેજોની મોંઘી ફી પરવડતી નથી. તેઓ વિદેશમાં ભણવા વિષે વિચારે છે.ત્યારે સવાલ તો એવો થાય જ કે વિશ્વગુરુના દેશમાંથી અભ્યાસ માટે બહાર જવું પડે ? ગુજરાતમાં જેટલાં વિદ્યાર્થીઓ અહીંની મેડીકલ કોલેજોમાં ભણે છે એનાથી વધુ વિદેશમાં ભણે છે. તેમાંય રશિયા-યુક્રેનનું મેડીકલ માર્કેટ અમેરિકા-ઓસ્ટ્રેલિયા કે કેનેડાના એવાં માર્કેટ કરતાં કિફાયતી જોવા મળે છે.*

*ભારતમાં એક તબીબ બનાવવામાં પરિવારે સરેરાશ ૭૦ લાખથી એક કરોડ રૂપિયા ખર્ચવા પડે છે તો યુક્રેનમાં ૨૫-૩૦ લાખમાં ડોક્ટર બનાય છે. યુક્રેનમાં ગુજરાતના મધ્યમ વર્ગનો વિદ્યાર્થી તબીબ બનવા માટે પાંચ-છ વર્ષ ભણે છે. ત્યાંની એક વર્ષની સરેરાશ ફી બે લાખ હોય છે, વર્ષે એક લાખના ખર્ચે સારી હોસ્ટેલમાં રહીને ભણી શકાય છે અને અન્ય એકાદ લાખના વાર્ષિક ખર્ચમાં વિદ્યાર્થી નભી શકે છે. ત્યાં નીટ જેવી પ્રવેશ પરીક્ષા કે મેરિટ લિસ્ટની ઝંઝટ નથી અને ભારતની સરખામણીમાં આધુનિક અભ્યાસક્રમ જોવા મળે છે.*

*આ સંજોગોમાં ભારતની સરકારે દેશની વસ્તી જોતાં વધુને વધુ સરકારી મેડીકલ કોલેજો શરુ કરવી જોઈએ, જેથી મેડીકલ અભ્યાસ બિનજરૂરી મોંઘો ન બને, ખાનગી કોલેજો તો સારી સગવડ આપીને મોટી ફી લેતી જ રહેશે. દેશની મોટી હોસ્પિટલ શૃંખલાઓએ નર્સ, પેરા મેડીકલ અને મેડીકલ કોર્સ માટે સ્કોલરશિપ જેવી યોજનાઓ આપીને મધ્યમ વર્ગના અને તેજસ્વી ગરીબ વિદ્યાર્થીઓને તબીબ બનવાની તક આપવી જોઈએ અને તેઓ જે આર્થિક રાહત આપે તે સમાજ સેવા ગણાવી જોઈએ. અમેરિકા જેવા દેશમાં કોઈપણ કંપનીમાં નિયમ છે કે, જો કોઈ કર્મચારી સતત ૪૫ દિવસ ગેરહાજર રહે તો એને નોકરીમાંથી બરતરફ કરવામાં આવે. પણ ત્યાં હાઈવે અકસ્માતમાંથી તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે પહોંચી ગયેલો માણસ કોણ છે? કાળો કે ધોળો છે? એ માણસ પાસે પૈસા છે કે નહીં? હોસ્પિટલનું બિલ ચૂકવી શકશે કે નહીં? એનો કોઈ મેડિકલેમ હશે? એવી કોઈ તપાસ સુધ્ધાં કર્યા વગર ખાનગી હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર શરૂ થઈ જાય અને બહારની બીજી હોસ્પિટલમાંથી પણ જરૂરી નિષ્ણાંત ડૉક્ટર બોલાવીને માણસનો જીવ બચાવી લેવામાં આવે છે! આમ, માનવજીવનની મહત્તાને વિશેષ પ્રાધાન્ય આપતા દેશોમાં તબીબી શિક્ષણનો અભ્યાસક્રમ વર્તમાન જરુરિયાતો મુજબ સતત અપડેટ થતો રહે છે. જેથી વિદ્યાર્થી માત્ર સર્ટીફિકેટ પર જ નહીં પરંતુ વાસ્તવમાં સંપૂર્ણ તબીબ બનીને બહાર નીકળે છે.*

### ચરસના ૧૦ પેકેટ, હેરોઈનનું એક પેકેટ કર્યું જપ્ત

# કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી સતત બીજા દિવસે ચરસ અને એક હેરોઈન ડ્રગનું પેકેટ ઝડપાયુ

## સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને બીએસએફ હાઈ એલર્ટ છે ત્યારે આ પેકેટ ઝડપાઈ રહ્યા છે

કચ્છ

કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી સતત બીજા દિવસે ચરસ અને એક હેરોઈન ડ્રગનું પેકેટ ઝડપાયું છે. બીએસએફ દ્વારા જખૌના દરિયાઈ વિસ્તારમાંથી ચરસના ૧૦ પેકેટ જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત હેરોઈનનું પણ એક પેકેટજપ્ત કરાયું છે. જખૌથી ૧૧ કિલોમીટર દૂર નિર્જન કુંડી બેટ પરથી ૧ કિલોગ્રામના એવા ૧૦ ચરસના પેકેટ અને એક કિલો હેરોઈન ડ્રગ્સનું પેકેટ મળ્યા છે. એપ્રિલ મહિનાથી અત્યાર સુધીમાં ચરસના ૫૦ પેકેટ અને હેરોઈનના ૯ પેકેટ જપ્ત કરવામાં આવ્યા છે. સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને બીએસએફ હાઈ એલર્ટ છે ત્યારે આ પેકેટ ઝડપાઈ રહ્યા છે.રવિવારે અબડાસા તાલુકાના જખૌ નજીક આવેલ ખીદરત બેટ નજીક ફરી એક વખત ચરસના ૧૦ પેકેટ મળી આવતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. કચ્છના દરિયામાં ભરતી હોય ત્યારે વહેણ સાથે દરિયામાંથી જ અફઘાન બનાવટના ચરસના પેકેટો તરતાં મુકી



દેવાય છે. આ પ્રકારે કચ્છના જખૌ આસપાસના બેટ વિસ્તારોમાં પહોંચી ચૂકેલા ચરસના ઘણા પેકેટ્સ અત્યાર સુધીમાં સીમા સુરક્ષા દળની ટૂકડીઓ પકડી ચૂકી છે.સીમા સુરક્ષાદળને પેટ્રોલિંગ દરમિયાન ખીદરતબેટ ટાપુ પાસે એક પીળા કલરની પ્લાસ્ટિકની બેગમાં ૧૦ ચરસના પેકેટ મળી આવ્યા હતા. દરેક પેકેટ ઉપર ઉડતા બાજનું નિશાન જોવા મળ્યું હતું. ૧ કિલોગ્રામના ૧૦ પેકેટ કબજે કરાયા હતા. બિનવારસી હાલતમાં આ પેકેટો મળી આવ્યા હતા. ગુજરાતની તમામ સીમાઓ ઉપર સીમા સુરક્ષાદળ હાઈએલર્ટ પર છે અને જુદા જુદા સ્થળોએ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. એપ્રિલ ૨૦૨૩થી અત્યાર સુધી જખૌ વિસ્તારમાં ૪૦થી વધુ પેકેટો કબજે કરાયા છે. દરિયાઈ વિસ્તારમાં ડ્રગ્સની હેરાફેરી છેલ્લા લાંબા સમયાથી થઈ રહી છે. આ પ્રકરણમાં અગાઉ પણ કેટલાક આરોપીઓ ઝડપાઈ ચુક્યા છે. ડ્રગ્સની હેરાફેરી સામે પારાથી થઈ રહી હોવાનું એજન્સીઓ જણાવી રહી છે. ત્યારે આ દિશામાં તંત્ર એલર્ટ મોડમાં જોવા મળે છે. ભારતમાં યુવાધનને બરબાદ થતું અટકાવવા માટે ગૃહમંત્રાલય પણ આગળ આવ્યું છે અને કડક પગલા લઈ રહ્યું છે. ઉપરાંત જુદા જુદા સ્થળોએ સ્થાનિક પોલીસની મદદાથી ડ્રગ્સ માફિયાઓને ખુલ્લા પાડવા માટે ઝુંબેશ ઉપાડવામાં આવી છે. અત્યાર સુધી અનેક ડ્રગ્સ માફિયાઓને પોલીસે જેલ ભેગા કર્યા છે. અગાઉ મળેલા પેકેટો અફઘાન પ્રોડક્ટના હતા, જ્યારે રવિવારે મળી આવેલા પેકેટો અલગ પ્રોડક્ટના હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. જોકે આ બાબતે સીમાસુરક્ષા દળ દ્વારા આ ચરસ ક્યાથી આવ્યું છે તે અંગેની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

### ગ્રાહકો સાથે વ્યાપક જોડાણ સ્થાપિત કરવા કંપનીનો પ્રયાસ

# શાહરૂખ ખાન આઈટીસીની સનફિસ્ટ ડાર્ક ફેન્ટેસીનો નવો ચહેરો બન્યો

## લાખો લોકોનો ચાહક વર્ગ ધરાવતા કલાકારને સાંકળીને કંપનીએ પ્રોડક્ટ પ્રમોટ કરી

અમદાવાદ

આઈટીસીની સનફિસ્ટ ડાર્ક ફેન્ટેસી, બ્રાન્ડના નવા ચહેરા તરીકે 'કિંગ ઓફ ફેન્ટેસી' - શાહરૂખ ખાન સાથે એક રોમાંચક સફરની શરૂઆતની જાહેરાત કરી.સનફિસ્ટ ડાર્ક ફેન્ટેસી નવેસરથી તેનું બ્રાન્ડ પ્રપોઝિશન 'સનફિસ્ટ ડાર્ક ફેન્ટેસી - હર દિલ કી ફેન્ટેસી' રજૂ કરે છે, જેનો હેતુ તેના ગ્રાહકો સાથે વ્યાપક જોડાણ સ્થાપિત કરવાનો છે. આ નવો કન્સેપ્ટ આપણા દૈનિક જીવનમાં કાલ્પનિકતાના સ્પર્શની સાર્વત્રિક ઝંખનાથી ઉદ્ભવે છે. આ નવા પરિપ્રેક્ષ્ય સાથે, બ્રાન્ડ વિવિધ ગ્રાહક સેગમેન્ટમાં વ્યાપક અસર ઉભી કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે, જે ગમે ત્યારે, ગમે ત્યાં કાલ્પનિકતાની વ્યક્તિગત ઉડાનને પ્રોત્સાહિત કરે છે. લાખો લોકોના દિલમાં અનોખું સ્થાન ધરાવતા શાહરૂખ ખાન, વિશ્વભરના પોતાના અસંખ્ય ચાહકોની માન્યતાનું પ્રતિનિધિત્વ કરે છે. બંને વચ્ચેનો આ




સુમેળ તેને કાલ્પનિક સંયોજન બનાવે છે. આઈટીસી ફૂડ્સ ડિવિઝનના બિસ્કિટ એન્ડ કેક્સ ક્લસ્ટરના ચીફ ઓપરેટિંગ ઓફિસર અલી હેરિસ શેરેએ શાહરૂખ ખાન સાથેની રોમાંચક ભાગીદારી અંગે પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અમે બોલિવૂડના કિંગ શાહરૂખ ખાનને સનફિસ્ટ ડાર્ક ફેન્ટસીનો મુખ્ય ચહેરો બનાવીને ખૂબ જ ઉત્સાહિત છીએ. તે પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ ધરાવે છે.

તેમનો કરિશ્મા, અદભૂત વ્યક્તિત્વ તેમને બ્રાન્ડનું પ્રતિનિધિત્વ કરવા માટે આદર્શ પસંદગી બનાવે છે. આ જોડાણ સાથે, અમે બ્રાન્ડની હાજરીને વધારવાનો અને ગ્રાહકો સાથેના તેના જોડાણને વધુ મજબૂત બનાવવાનો વિશ્વાસ ધરાવીએ છીએ. અમે સાથે મળીને લોકોની કલ્પનાની ઉજવણી કરતી અને તેને યાદગાર અનુભવમાં પરિવર્તિત કરતી એક અભૂતપૂર્વ સફર પર લઈ જવાનું લક્ષ્ય રાખીએ.

### આફ્રિકાથી આવ્યો જૂનાગઢમાં રહેતા પિતાને ફોન

# દીકરાને બચાવવો હોય તો ૮૦ લાખ રૂપિયા આપો

## ફરહાનના પિતા મુનાફ પરમારને ર૬ જૂન ર૦ર૩ ના રોજ ફરહાનનાં મોબાઈલ પરથી જ ફોન કરી ને ધમકી મળી હતી

જૂનાગઢ

જિલ્લાના માંગરોળનો એક યુવાન સાડા ચાર વર્ષથી આફ્રિકાના કોંગોમાં નોકરી કરતો હતો. આ યુવાન આફ્રિકાના કોંગોમાં ફસાયો હોવાનો ફોન પરિવારજને આવ્યો હતો. અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને ફરહાનના પિતા પાસેથી ૮૦ લાખની માંગણી કરી હતી. જેથી પરિવારજનોએ માંગરોળ પોલીસને જાણ કરતા જૂનાગઢ પોલીસે મામલાની ગંભીરતા સમજી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો સંપર્ક કર્યો હતો. યુવકના જીવને જોખમ ન થાય તે માટે એમ્બેસીની મદદ માગી હતી. અંતે આ યુવક પરત પોતાના વતનમાં આવી જતા પરિવારજનો અને પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. ૧૧ ઓગસ્ટે ફરહાન પોતે હેમખેમ પરત આવતા પરિવારમાં ખુશી છવાઈ ગઈ હતી. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ આ અંગે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યુ કે, ફરહાનના પિતા પર અજાણી વ્યકિતનો ફોન અને પૈસાની માગણી કર્યાની જાણ પોલીસને થતા જ માંગરોળ પોલીસ સ્ટેશન, ડીવાયએસપી, તત્કાલીન એસપી અને રેન્જ આઈજીએ મામલાની ગંભીરતાને જોતા રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે સંકલન કર્યું હતું. ત્યાં ફસાયેલા ફરહાનના જીવને જોખમ ન થાય તે માટે કાર્યવાહી શરૂ કરી હતી. અંતે ફરહાન ૧૧ ઓગસ્ટે તેના ઘરે પહોંચી ગયો છે. આ અંગે ફરહાનના પિતા મુનાફ પરમારને ર૬ જૂન ર૦ર૩ ના રોજ ફરહાનનાં મોબાઈલ પરથી જ ફોન કરી ને ધમકી મળી હતી. જેમા જણાવ્યુ હતુ કે, ફરહાનને ભારત આવવું હશે તો ૮૦ લાખ રૂપિયા આપવા પડશે. ફરહાનના પિતાએ તાત્કાલિક માંગરોળ પોલીસનો સંપર્ક કર્યો અને માંગરોળ પોલીસે તત્કાલીન આઈ. જીઅનેએસપીને જાણ કરતા જૂનાગઢ પોલીસે રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર નો સંપર્ક કર્યો હતો અને કેન્દ્ર સરકાર દ્વારા એમ્બેસીની મદદ માંગી હતી. તંત્રના પ્રયાસોથી ફરહાન ૧૧ ઓગષ્ટના રોજ હેમખેમ ભારત પરત ફર્યા હતો અને પરિવારમાં ખુશી છવાઈ ગઈ હતી. ફરહાન પરમાર છેલ્લા સાડા ચાર વર્ષથી આફ્રિકાના કોંગોમાં નોકરી કરતો હતો. માંગરોળ પરત ફરેલા ફરહાને આ અંગે જણાવ્યુ છે કે, તેમને ત્યાં રહેવામાં અને નોકરી કરવામાં કોઈ તકલીફ ન હતી. તે જૂન મહિનામાં અહીં આવવાનો હતો. સ્ટોરના હિસાબમાં ઘટ આવતા અંદાજે ૮૦ લાખ રૂપિયા જમા કરાવવાનો ફોન આવ્યો હતો. જે વાત મારા પરિવારને કરતા મારાપિતાએ પોલીસની મદદ માગી હતી. પોતાનો દીકરો પરત આવતા ફરહાનના પિતએ જણાવ્યુ કે, તેમનો પુત્ર જૂન મહિનામાં ઘરે આવવાનો હતો. ત્યારે તે ન આવ્યો પરંતુ ત્યાંથી અજાણી વ્યક્તિનો ફોન આવ્યો કે, તે ૮૦ લાખ જમા કરાવે તો જ તેમનો દીકરો ઘરે આવી શકશે. આ ફોન આવતાની સાથે જ પરિવાર ગભરાઈ ગયુ હતુ. જેથી માંગરોળ અને જૂનાગઢ પોલીસને જાણ કરવામાં આવી હતી. મારો દીકરો સુરક્ષિત ઘરે આવી ગયો છે જેથી પોલીસનો આભાર.

### DJ સાથે એન્જોય કરો નિયોન પેઈન્ટ પાર્ટી

# હાનિકારક રંગોથી પોતાની ત્વચાને રાખો દૂર

## શહેરમાં નિયોન પેઈન્ટ પાર્ટીની શરૂઆત કરવામાં આવી છે, આ વિદેશી પાર્ટીને લોકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો

અમદાવાદ

શહેરમાં વિદેશી તહેવારોનો ક્રેઝ વધ્યો છે. અમદાવાદમાં પણ હવે વિદેશી તહેવારો અને પાર્ટીઓ થવા લાગી છે. યુકેમાં એક લોકપ્રિય પાર્ટી છે, જેને નિયોન પેઈન્ટ પાર્ટી તરીકે ઓળખવામાં આવે છે, જેમાં ડીજેના સંગીતનો આનંદ માણતા લોકો નિયોન રંગો સાથે હોળી રમે છે અને અંધારામાં રેડિયમની જેમ ચમકતા હોય છે. આ પાર્ટી યુકેમાં અઠવાડિયામાં ૨થી ૩ વખત યોજાય છે અને હવે તે અમદાવાદ પહોંચી ગઈ છે. અમદાવાદમાં તાજેતરમાં પ્રથમ વખત નિયોન પેઈન્ટ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાર્ટીનું આયોજન વડોદરાના રહેવાસી સૂર્યસ્નાતા મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું, જેઓ શેડ્સ ઓફ જોય કંપનીના માલિક છે. તેઓએ શરૂઆતમાં વડોદરામાં એક નિયોન પેન્ટ પાર્ટીનું આયોજન કર્યું હતું, જેને સ્થાનિક લોકોએ ખૂબ આવકાર આપ્યો હતો. આ સફળતાએ તેમણે અમદાવાદમાં કાર્યક્રમનું આયોજન કરવા માટે પ્રેરિત કર્યા હતા, લોકોએ આ પાર્ટીની ખૂબ પ્રશંસા પણ કરી છે. નિયોન પેઈન્ટ પાર્ટી દરમિયાન, વ્યક્તિઓ ઉત્સાહપૂર્વક ડીજેના તાલ પર નૃત્ય કરે છે, અને એકબીજાને નિયોન પેઈન્ટથી શણગારે છે. આ પેઈન્ટ શરીર માટે હાનિકારક નથી. આ ઈવેન્ટનું મહત્વ એ છે કે, લોકો દુનિયાને ભૂલીને કલાક બે કલાક પોતાના માટે જીવે છે, અને સ્ટ્રેસ રિલીઝ કરી તણાવમુક્ત થાય છે. અમદાવાદમાં આ પાર્ટીમાં આશરે ૩૦૦ વ્યક્તિઓએ હાજરી આપી હતી. નિયોન પેઈન્ટ પાર્ટીમાં માત્ર યુવાનો જ નહીં, પરંતુ બાળકોથી લઈને પુખ્ત વયના તમામ વયના લોકો આનંદથી જોડાયા હતા.

# ભાવનગરમાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે અથડામણ

## હથિયારો લઈને સામ સામે આવેલા બે જૂથોના હૂમલામાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા, આ મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી



ભાવનગર

ભાવનગરના કુંભારવાડાના રામદેવ નગર વિસ્તારમાં જૂથ અથડામણની ઘટના બની હતી. મળતી જાણકારી અનુસાર, શહેરના કુંભારવાડા રામદેવ નગર વિસ્તારમાં જૂની અદાવતમાં બે જૂથના લોકો વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં મહિલા સહિતના ૧૦ વધુ લોકોને ઈજા પહોંચી હતી. વાસ્તવમાં બંન્ને જૂથના લોકો સમાધાન માટે એકઠા થયા હતા. પરંતુ કોઈ વાતને લઈને ઉગ્ર બોલાચાલી થઈ જતા મામલો બિચક્યો હતો અને બંન્ને જૂથ વચ્ચે અથડામણ થઈ હતી.

હાલ તો ડી.ડિવિઝન પોલીસે સમગ્ર મામલ વધુ તપાસ શરૂ કરી હતી. ગયા મહિને ભાવનગરમાં પાલીતાણા તાલુકાના નવા લોહીચડા ગામે જૂથ અથડામણ થઈ હતી. ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા હતા એ દરમિયાન ઝઘડો કરવા આવેલ ટોળું હથિયારો સાથે તૂટી પડ્યું હતું. આ જૂથ અથડામણમાં સમજાવવા માટે વચ્ચે આવેલા મામા અને એમના પરિવાર ઉપર હુમલો કર્યો હતો. બંને પક્ષે ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચી છે. જો કે ઝઘડાનું કારણ હજી સુધી બહાર આવ્યું નથી. હાલ તો પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

આ પહેલા પણ ભાવનગરમાં જૂથ અથડામણની ઘટના ઘટી હતી, થોડા દિવસ પહેલા શહેરમાં બે જૂથો વચ્ચે જોરદાર મારામારીની ઘટના ઘટી હતી, હથિયારો લઈને સામ સામે આવેલા બે જૂથોના હૂમલામાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા, આ મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી. ભાવનગર શહેરમાં દીપક ચોકમાં જોરદાર જૂથ અથડામણની ઘટના ઘટી હતી.

અહીં જુગાર રમવાની વાતને લઈને ઝઘડો થયો હતો, ગેરકાયદે પ્રવૃત્તિ સાથે જુગાર રમવાની ના પાડતા મામલો બીચક્યો હતો અને બાદમાં મારામારી થઈ હતી. આ મામલો વધુ ઉગ્ર બનતાં બન્ને જૂથો હથિયારો લઈને આવી ગયા અને આમને સામને મારામારી કરવા લાગ્યા હતા. આ જૂથ અથડામણની ઘટનામાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા. જોકે, પોલીસ ઘટના સ્થળે આવી જતા મામલો થાળે પડ્યો હતો, તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે ભાવનગર સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

### સસરાને એક મિલકતમાં ભાગીદારને છૂટો કરવા પૈસાની જરૂર હતી

# ન્યૂડ વીડિયો ઊતારી પિરણિતાને ત્રાસ આપતા પતિ-સાસુ-સસરા સામે ફરિયાદ

## પરણીતાએ આરોપીઓ દ્વારા તેની સાથે સેક્સ્યુઅલ એક્સપ્લોશન, સેક્સ્યુઅલ એબેટમેન્ટ કરવામાં આવતું હોવાની ફરિયાદ કરી

રાજકોટ

શહેરમાં એક પરિણીતાએ ફરિયાદમાં એવા આક્ષેપો કર્યા છે કે તેના સસરાને એક મિલકતમાં ભાગીદારને છૂટો કરવો હોવાથી નાણાની જરૂર હતી. આ કારણસર સસરા તેના ન્યૂડ વીડિયો ઉતારી અને તેના લાઈવ શો કરાવતા હતા.જેમાં તેના પતિ અને સાસુની પણ સંડોવણી હતી.

સાયબર ક્રાઈમ પોલીસે આ ફરિયાદના આધારે રેપ અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી છે. પરણીતાએ આરોપીઓ દ્વારા તેની સાથે સેક્સ્યુઅલ એક્સપ્લોશન, સેક્સ્યુઅલ એબેટમેન્ટ કરવામાં આવતું હોવાની ફરિયાદ કરી છે. પરિણીતાએ પોલીસને જણાવ્યા અનુસાર,પતિ દ્વારા તેના નેકડ વીડયો ઉતારવામાં આવતા હતા અને પતિ એ વીડિયો તેના સસરાને મોકલતો હતો. સસરા આ વીડિયો એક વોટ્સએપ ગ્રૃપમાં મુકતા હતા.

તેમજ પતિ, સસરા અને સાસુ પણ આ વીડિયો જોતા હતા. પરિણીતા દ્વારા આ વાતનો વિરોધ કરવામાં આવતો પરંતુ પતિ તેને જવાબ આપતો ન હતો.પરિણીતાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, સસરાએ પુત્ર-પુત્રવધુના રુમમાં સીસીટીવી કેમેરા ફીટ કરાવ્યા હતા. જેનો વિરોધ કરતા પતિએ ભલે રહ્યાં તેમ જણાવી પરિણીતાને ચુપ કરાવી દીધી હતી.

પરિણીતા પતિ સાથે શારીરિક સંબંધ બાંધતી ત્યારે સસરા સીસીટીવી થકી પોતાના રૂમમાં સ્ક્રીનમાં આ દ્રશ્યો જોતા હતા.

એક દિવસ પતિ અને સસરા પરિણીતાને એક હોટલમાં લઈ ગયા હતા અને જ્યાં અગાઉથી ત્રણ આફ્રિકન કોલગર્લ બોલાવી હતી. બાદમાં સસરાએ પરિણીતાને કહ્યું હતું કે, મારો પુત્ર જે રીતે આ કોલગર્લ સાથે સંબંધ બાંધે એ પ્રમાણે તારે ઘરે તેની સાથે સંબંધ બાંધવાનો છે. પરિણીતાની ઈચ્છા ન હોવા છતાં પતિ તેની સાથે એ પ્રકારે સંબંધ બાંધતો હતો.

### અપહરણ થયા અંગેની ફરિયાદ નોંધાતા સુરક્ષા ઉપર પણ અનેક સવાલ ઉદભવ્યા

# લુણાવાડા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાંથી બે સગીરાઓનું અપહરણ થયું

### આ બાબતે લુણાવાડા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ મહીસાગરના પ્રોબેશન ઓફિસર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે



મહીસાગર

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવેલ લુણાવાડા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાંથી બે સગીરાઓનું અપહરણ થયાની ઘટના સામે આવતા ખળભળાટ મચી ગયો છે. આ બાબતે લુણાવાડા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ મહીસાગરના પ્રોબેશન ઓફિસર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. લુણાવાડા પોલીસ મથકમાં બે સગીરાઓના અપહરણ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

લુણાવાડા શહેરમાં આવેલ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાંથી બે સગીરાઓનું અપહરણ થયું હોય તે અંગે ફરિયાદ નોંધાઈ હતી.

લલચાવી ફોસલાવી અને અજાણ્યા ઈસમે અપહરણ કર્યા અંગે લુણાવાડા ચિલ્ડ્રન ફોર ગર્લ્સ મહીસાગરના પ્રોબેશન ઓફિસર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તો ચિલ્ડ્રન હોમ એ એક સોસાયટીની અંદરના વિસ્તારમાં આવેલ અહીંયા અલગ અલગ જિલ્લામાંથી અલગ અલગ ગુનામાં ભોગ બનનાર સગીરાઓ તેમજ બાળકોને રાખવામાં આવતા હોય છે ત્યારે અહીંયાથી જ બે સગીરાઓનું અપહરણ થયા અંગેની ફરિયાદ નોંધાતા સુરક્ષા ઉપર પણ અનેક સવાલ ઉદભવ્યા છે.

દ્વારા આ બાબતે લુણાવાડા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ મહીસાગરની મુલાકાત લીધી હતી જ્યાં ઇન્ચાર્જ અધિકારી નરેશ ડામોર સાથે વાતચીત કરી હતી અને આ ઘટનામાં નવો જ વળાંક આવ્યો હતો. અધિકારીના જણાવ્યા પ્રમાણે આ બંને સગીરાઓ બીજા માળેથી સાડી બાંધી અને નીચે ઉતરી અને નાસી ગઈ છે તેમ જણાવ્યું હતું જેના સીસીટીવી ફૂટેજ પણ અમારી પાસે છે. અપહરણ થયું નથી પરંતુ આ બંને ભાગી ગઈ છે જેવું તેમણે જણાવ્યું હતુ.

તો લુણાવાડા પોલીસ મથકમાં આપના જ વિભાગના પ્રોબેશન ઓફિસરે અપહરણની ફરિયાદ કેમ નોંધાવી તે અંગે તેમણે સવાલ કરતા તેમણે જણાવ્યું કે એ કદાચ ભૂલથી એ રીતની ફરિયાદ લખાઈ હશે બાકી બંને બાળકી અહીંયાથી ભાગી ગઈ છે. આમ એક જ વિભાગના બંને અધિકારીઓના જવાબમાં વિરોધાભાસ જોવા મળ્યો હતો. જોકે આ બંને સગીરાઓ પંચમહાલ અને દાહોદ જિલ્લાના પોલીસ મથક વિસ્તારમાં બનેલ ગુનામાં ભોગ બનનાર હોય જેને લઈ અને અહીંયા મૂકવામાં આવ્યા હતા ત્યારે અહીંયાથી જ જો તે નાસી ગયા હોય તો ચિલ્ડ્રન હોમમાં મુકેલ બાળકોની સુરક્ષા પર પણ સવાલ ઉદ્ભવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે આ બંને સગીરાઓએ બીજા માળેથી સાડી બાંધી અને નીચે ઉતરી અને નાસી ગઈ છે. આ અંગેના સીસીટીવી ફૂટેજ પણ અમારી પાસે છે અને અમે અંગે ફરિયાદ નોંધાવી છે.

અપહરણ ફરિયાદ કેમ નોંધાવી તે અંગે પૂરતા તેમણે જણાવ્યું હતું કે એ કદાચ પ્રોબેશન ઓફિસર દ્વારા ભૂલથી તે રીતે ફરિયાદ નોંધાવવામાં આવી હશે પરંતુ આ બંને બાળાઓ ભાગી ગઈ છે તેમ જણાવ્યું હતું. લુણાવાડા ખાતે ચિલ્ડ્રન હોમ આવેલ છે જેમાં અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભોગ બનનાર તેમજ મળી આવેલ સગીરને રાખવામાં આવે છે જેમાં પાવાગઢ તેમજ ઝાલોદ પોલીસ મથકમાં નોંધાયેલ ગુનાના ભોગ બનનાર બે સગીરાઓને રાખવામાં આવી હતી. જે બીજા માળેથી દુપટ્ટો નાખી અને નાસી ગઈ હતી. પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી અને તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ઝાલોદ પીએસઆઇ પાસેથી મળતી માહિતી મુજબ સગીરા મળી આવી છે જેને અહીંયા લાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ કામે ભોગ બનનાર બંને સગીરાઓને લેવા માટે લુણાવાડા પોલીસ ગઈ છે.

સગીરાની પૂછપરછ બાદ જ તેમને કોઈ ભગાડી ગયું હતું કે કેમ તે અંગે વિગત બહાર આવશે. હવે બંને સગીરાઓ મળી આવતા પોલીસ દ્વારા તેને લુણાવાડા ખાતે લાવી અને પૂછપરછ હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ જ આગળની હકીકતો બહાર આવશે.

### બેંકના મેનેજરની વિકૃત માનસિકતા

## જામનગરની PNB ના લેડીઝ વોશરૂમમાંથી સ્પાય કેમેરો મળી આવતા હડકંપ મચી

જામનગર

જામનગરના દરેડમાં આવેલી પંજાબ નેશનલ બેંકના ઈન્ચાર્જ મેનેજરે મહિલાઓના વોશરૂમમાં સ્પાય કેમેરો લગાવ્યો હોવાનો ઘટસ્ફોટ થતાં ખળભળાટ મચ્યો છે. બેંકની મહિલા કર્મચારીઓના ફોટો અને વીડિયો લેવાના ઈરાદાથી બેંકના લેડીઝ વોશરૂમમાં લગાવેલો કેમેરો બેંકની મહિલા કર્મચારીએ જ ઝડપી પાડ્યો હતો. આ મામલે મહિલા કર્મચારી દ્વારા બેંકના ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન દોરાયા બાદ કેમેરો લગાવનાર ઈન્ચાર્જ મેનેજર સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જામનગરના દરેડ GIDCમાં મહાવીર સર્કલ પાસે આવેલી પંજાબ નેશનલ બેંકની બ્રાંચમાં ફરજ બજાવતા એક મહિલા કર્મચારીને બેંકના વોશરૂમનો ઉપયોગ કરતી વખતે દરવાજા ઉપરની દિવાલ પર લગાવેલો એક સ્પાય કેમેરો ધ્યાન પર આવ્યો હતો, જે બાદ મહિલા કર્મચારી દ્વારા તરત જ બેંકના ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું હતું અને સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી.

આ મામલે તપાસ કરાતાં પંજાબ બેંકમાં ઈન્ચાર્જ મેનેજર તરીકે ફરજ બજાવતા મૂળ હરિયાણાના અને હાલ જામનગરના યમુનાનગરમાં રહેતા અખિલેશ સૈનીએ જ આ સ્પાય કેમેરો લગાવ્યો હોવાનું ખૂલ્યું હતું. જે બાદ બેંકના ઈન્ચાર્જ મેનેજરની કરતૂત સામે લાવવા મહિલાકર્મીએ હિંમત કરીને ફરિયાદ નોંધાવી હતી.

બેંકની મહિલા કર્મચારીઓના વીડિયો અને ફોટો લેવાના ઈરાદાથી અખિલેશ સૈનીએ મહિલાઓના વોશરૂમમાં કેમેરો લગાવવા મામલે મહિલા કર્મચારીએ જામનગરના પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અખિલેશ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ફરિયાદ નોંધી નરાધમ બેંક મેનેજરને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વિદ્યાર્થીનીઓને અશ્લિલ વિડીયો બતાવવાની ઘટના સામે આવી

## અશ્લિલ વીડિયો બતાવનાર પાદરાની પ્રાથમિક શાળાનો આચાર્ય સસ્પેન્ડ

### પાદરાની અભોર પ્રાથમિક શાળાના આચાર્યને સસ્પેન્ડ કરવાનો આદેશ કરાયો છે

વડોદરા

વડોદરાના પાદરા તાલુકામાં શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીનીઓને અશ્લિલ વિડીયો બતાવવાની ઘટના સામે આવી હતી. ઘટના અંગે પોલીસે પોસ્કો એક્ટ મુજબ ફરિયાદ નોંધીને કાર્યવાહી શરુ કરી હતી. આ દરમિયાન જિલ્લા શિક્ષણાધીકારી દ્વારા આચાર્યને સસ્પેન્ડ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. પાદરાની અભોર પ્રાથમિક શાળાના આચાર્યને સસ્પેન્ડ કરવાનો આદેશ કરાયો છે.વિદ્યાર્થીઓને શૌચાલયમાં બોલાવીને તેમને મોબાઈલ ફોનમાં પોર્ન વીડિયો બતાવવાનો પ્રયાસ આચાર્ય મહેન્દ્ર જાદવે કર્યો હતો.આ અંગેના આક્ષેપો બાદ મામલો મંગળવારે વડુ પોલીસ મથકે પહોંચ્યો હતો. જ્યાં વડુ પોલીસે ઘટના અંગે તપાસ શરુ કરી હતી. મંગળવારે ગ્રામજનોએ એકઠા થઈને આચાર્યની હરકત સામે હોબાળો મચાવ્યો હતો અને ગ્રામજનો પોલીસ મથકે પહોંચ્યા હતા.

# આણંદમા શિક્ષકે ૧૧ વર્ષની વિદ્યાર્થિનીને બચકા ભર્યા

આણંદ

આણંદમાં નિવૃત્ત થવાની ઉંમરે શિક્ષકે ૧૧ વર્ષની વિદ્યાર્થિની સાથે અશ્લીલતા કરી. આ ઘટના આણંદની સેન્ટ મેરી સ્કૂલની છે. જ્યાં અનિલ નામના શિક્ષકે વિદ્યાર્થિનીના હાથ પર બચકાં ભર્યા હતા. છેલ્લા બે દિવસથી શિક્ષણ જગતને શર્મસાર કરનારી ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે ફરી આવી ઘટના આણંદમાંથી પણ સામે આવી છે. જ્યાં નિવૃત્ત થવાની ઉંમરે આવેલા શિક્ષકે (Teacher) ૧૧ વર્ષની વિદ્યાર્થિની સાથે અશ્લીલતા કરી. આ ઘટના આણંદની સેન્ટ મેરી સ્કૂલની છે. જ્યાં અનિલ નામના શિક્ષકે વિદ્યાર્થિનીના હાથ પર બચકાં ભર્યા હતા. આ કેસમાં શિક્ષકની અટકાયત કરવામાં આવી છે.

ધોરણ પની વિદ્યાર્થિનીની પરીક્ષામાં ઓછા માર્ક્સ આવ્યા હતા. વિદ્યાર્થિનીએ વાલીને ફરિયાદ ન કરવા શિક્ષકને વિનંતી કરી હતી, ત્યારે આ વિનંતીનો ફાયદો ઉઠાવતા શિક્ષકે તેની જાતિય સતામણી કરી. માતાએ વિદ્યાર્થિનીની હાથ પર બચકાંનો ઘા જોતા પૂછપરછ કરી, ત્યારે આખીય ઘટનાનો ભાંડો ફૂટ્યો. વાલીઓએ સ્કૂલમાં આ મામલે હોબાળો મચાવ્યો હતો. આરોપી શિક્ષકની પોલીસે અટકાયત પણ કરી. જો કે વાલીનો આરોપ છે કે તેમની વાત માનવા શાળા સત્તાધીશો તૈયાર નથી. વિદ્યાનગર પોલીસે આરોપી શિક્ષક અનિલની અટકાયત કરી લીધી છે. જો કે શિક્ષકની આ હરકતથી વાલીઓમાં ભારે આક્રોશ છે. બીજી તરફ સ્કૂલ મેનેજમેન્ટે પણ તપાસ બાદ પગલાં ભરવાની બાંહેધરી આપી છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya